# ઉત્કૃષ્ટ શાળામાં ભૌતિક સુવિધાઓ અને તેનો ઉપયોગ

કોઈપણ શાળા ઉત્કૃષ્ટ ત્યારે જ બને જ્યારે તેની સાથે સંકળાયેલ માનવબળ પણ ઉત્કૃષ્ટ હોય. આ માનવબળનું એક અંગ કે જેને કારણે જ શાળા શરૂ કરેલ છે અને જેને માટે જ શાળા કામ કરી રહી છે- તે અંગ એટલે તેના વિદ્યાર્થીઓ. આમ જે શાળાના વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ હોય તે શાળાની ઉત્કૃષ્ટતા વધી જાય છે. પણ પ્રશ્ન સવા લાખનો એ છે કે વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ ક્યારે બને? વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ બનાવવા માટે તે પ્રકારનું વાતાવરણ સર્જવું પડે. આ વાતાવરણનું સર્જન કરવામાં શાળાની ભૌતિક સુવિધાઓ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.

ઉત્કૃષ્ટ શાળાનું પ્રવેશદ્વાર આકર્ષક હોય છે. શાળામાં પ્રવેશ કર્યાપૂર્વે કે ત્યાંથી પસાર થતાં લોકોને તરત જ ખ્યાલ આવી જાય છે કે આ શાળા કેવી હશે? પ્રવેશ દ્વાર પર લખેલ માહિતી ઘણું સૂચવી જાય છે. ત્યાર બાદ આવે શાળાનું કેમ્પસ. કેમ્પસ કેટલું મોટું છે તેનાં કરતાં બાળકોની સંખ્યાના પ્રમાણમાં હોય, સ્વચ્છ હોય. ફૂલછોડ ઉગાડેલા હોય, વિવિધ રમત માટેના મેદાન હોય, ગામ લોકો પણ ઉપયોગ કરી શકતા હોય તો તે શાળાનું કેમ્પસ કે મેદાન ખૂબ જ સારું અને ઉપયોગી ગણી શકાય. કોઈ શાળામાં મેદાન ખુબ જ મોટું હોય પણ તેનો ઉપયોગ જ ન થતો હોય અને કચરાના ઢગ ખડકાયેલા હોય તો તે શાળાની પ્રામાણિકતા માટે પ્રશ્નાર્થ ઊભો કરે છે.

આચાર્યની અલાયદી ઓફીસ હોય તેમજ સ્ટાફને બેસવા માટેની અલગ રૂમ હોવી જોઈએ. એટલું જ નહીં તેમને જરૂરી સાધનસામગ્રી પણ યોગ્ય રીતે ગોઠવાયેલ હોય. સ્ટાફરૂમનું વાતાવરણ શિક્ષકોને માનસિક રીતે તાજગી બક્ષે અને શૈક્ષણિક ચર્ચાઓ સરળતાથી કરી શકાય તેવું હોવું જોઈએ.

શાળામાં વિવિધ અભ્યાસ માટે વિવિધ પ્રકારનારૂમ હોવા જ જોઈએ. ચાલશે તો ચાલે જ નહીં. જેમકે, પયોગશાળા, પુસ્તકાલય, ચિત્રખંડ,કમ્પ્યૂટરરૂમ, ગર્લ્સરૂમ વગેરે. ઉપરાંત સ્પોર્ટસરૂમ, પ્રાર્થનાખંડ, સ્ટેજ વગેરે પણ જરૂરી ગણાય જ. સાથે જ સાઉન્ડ ઇસસ્ટમ, ઇન્ટરનેટ કનેક્શન, ઓવરહેડ પ્રોજેક્ટર, સ્લાઇડ પ્રોજેક્ટર, સમાચારપત્ર સ્ટેન્ડ, ટેપરેકોર્ડર, ટીવી ચેનલ, વી.સી.ડી., વિડિયો કેમેરા, વોટરકૂલર, ડી.ટી.એચ.નોટીસબોર્ડ વગેરે આવસ્યક સાધનો ગણાય છે. જે ઉત્કૃષ્ટ શાળામાં હોવા જ જોઈએ. શાળામાં ફાયરસેફ્ટીની સુવધિા તેમજ આકસ્મિક દુર્ઘટના બને તો વિદ્યાર્થીઓ સરળતાથી શાળા બહાર નીકળી શકે તેવી વ્યવસ્થા પણ હોવી જોઈએ. આચાર્ય, સ્ટાફ, વિચાર્થી ભાઈઓ અને બહેનો માટે અલગ સેનિટેશનની વ્યવસ્થા જરૂરી છે.

શાળામાં પ્રયોગશાળા અને ચિત્રખંડ હોય પણ તેમાં વિદ્યાર્થીઓને ભાગ્યેજ લઈ જવાતા હોય તો તે સારી નિશાની ન ગણાય. ઉત્કૃષ્ટ શાળા માટે સુવિધા હોવી જોઈએ તે પ્રથમ શરત છે, તેની સાથે જ તેનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ થવો જ જોઈએ. તે બીજી શરત ગણી શકાય. શાળામાં કરેલી સુવિધા ઉપયોગ કરવા માટે છે, નહીં કે તાળાં મારીને કોઈને બતાવવા માટે કે અમારી પાસે આ સગવડ છે. **શાળામાં રહેલી સુવિધાનો ઉપયોગ કરવાનો પ્રથમ હક્ક વિદ્યાર્થીઓનો અને બીજો હક્ક શિક્ષકોનો લાગે છે. ત્યારબાદ આચાર્ય અને વહીવટકર્તાનો આવે.** શાળામાં પ્રાર્થના સમૂહમાં તવી જોઈએ.

પ્રાર્થનામાં વિવિધ માહિતી પણ પિરસાવી જોઇએ. **પ્રાર્થના એટલી તો સુંદર રીતે થવી જોઇએ કે કોઇ બાળકને શાળામાં મોડું આવવાની ઇચ્છા જ ન થાય. શિક્ષકના ભયને કારણે નહીં, પણ પ્રાર્થના ગુમાવવાના ભયને કરેણે વિદ્યાર્થીઓ શાળામાં સમયસર આવે તે ઉત્ર્કષ્ટ શાળા ગણાય.**

શાળામાં વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર કરતું સૌથી વધુ પરિબળ - વર્ગખંડનું વાતાવરણ. વર્ગ ને સ્વર્ગ બનાવવાનો ચે. વર્ગમાં બેહેલો વિદ્યાર્થી ઘરને પણ ભૂલી જાય તેવો વર્ગ હોવો જોઇએ. વર્ગમાં આરામથી બેસી શકાય તેટલું જ પૂરતું નથી પણ આરામથી અભ્યાસ કરી શકાય તે અગત્યનું છે. આ માટે વર્ગખંડની દીવાલો પણ મહત્વની થઇ પડે છે. દીવાલો પરના સૂત્રો, માહિતી કે ચિત્રો વિદ્યાર્થીને પ્રેરણા આપતાં અને અભ્યાસમાં મદદરૂપ થાય તે રીતે મૂકાયેલા હોય તો તે દીવાલો ઉત્કૃષ્ટ શાળાની દીવાલો ગણી શકાય. શિક્ષકોને અધ્યાપન કરાવવામાં સહાયભૂત થતાં સાધનો યોગ્ય જગ્યાએ મૂકતાં હોય અને જરૂર પડે તરત જ મળી આવતાં હોય તેટલું જ પૂરતું ન ગણતાં તેનો વર્ગખંડમાં વધુમાં વધુ ઉપયોગ થતો હોય તે ઉત્કૃષ્ટશાળાનું લક્ષણ છે.

કેટલીક શાળા ખૂબ જ મોટી હોય છે પણ સાથે જ તેટલી ખોટી પણ હોય છે. સગવડતા ઊભી કરવામાં હજારો-લાખો રૂપિયા ખર્ચ કરનારી શાળા તે સાધનો વાપરવા દેવામાં તેટલી જ કંજૂસાઇ રાખે છે. ક્યારેક આવી કંજૂસાઇ શિક્ષકો પણ ધરાવે છે. હાથવગાં સાધનો હોય છતાં વર્ગખંડમાં લઇ જવાની આળસ તેમનામાં ઘર કરી જઇ હોય છે.

આમ ઉત્કૃષ્ટ શાળા એટલે માત્ર ભૌતિક સુવિધાઓથી સંપન્ન હોય તે નહીં, પણ વધુમાં વધુ સુવિધાઓ ધરાવતી હોય અને તે સુવિદાનો મહત્તમમાં મહત્તમ ઉપયોગ થતો હોય. જે શાળાના સંચાલક પોતાના ઘરમાં એક સુવિધા ઓછી કરીને પણ શાળાની એક સુવિધા વધારે તે શાળાની ઉત્કૃષ્ટ થવાની શક્યતા ઘણી વધી જાય છે. જે સંચાલક પોતાના ઘરમાં રહેલી સુવિધા કરતાં શાળાની સુવિધા પર પ્રથમ વિચાર કરે તે ઉત્કૃષ્ટ સંચાલક ગણી શકાય. પણ પોતાના ઘરની સુવિધા વધારવા માટે શાળાની સુવિધા અટકાવે તે સંચાલક નહીં પણ કંચાલક કહેવાય. સુવિધાઓથી વાતાવરણ બને છે, કામ સરળ કરી આપે છે, સમય બચાવે છે, કામ કરવાની પ્રેરણા આપે છે. માટે જ કહી શકાય કે ભૌતિક સુવિધા વગર શાળાના હેતુઓને પરાપ્ત કરવા તે યુદ્ધમાં હથિયાર વગર વિજય પ્રાપ્ત કરવા જેવી અઘરી-અશક્ય બાબત છે. આમ ઉત્કૃષ્ટ શાળા માટે સારું માનવબળ – સારું સંચાલન જેટલી અગત્ય ધરાવે છે તેટલી જ અગત્ય ભૌતિક સુવિધાઓ પણ ધરાવે છે.